**Sabarmati Gas Limited**
**(A Joint Venture of GSPC & BPCL)**

શ્રીમાન,

સાબરમતી ગેસ લિમિટેડના પરિવાર તરફથી આપને દિવાળી અને નવા વર્ષની શુભ કામનાઓ.

સાબરમતી ગેસ લિમિટેડ હંમેશા પોતાના ગ્રાહકોને ઉત્તમ સેવાઓ આપવાનો પ્રયત્ન કરે છે. અમે આપના સહકારને ખૂબ જ માન થી જોઈએ છીએ અને બળતણ તરીકે કુદરતી ગેસ પસંદ કરવા માટે આપના આભારી છીએ

કુદરતી ગેસ નો ઉપયોગ આપ વધુ સરળતાથી કરી શકો તે માટે અમે સતત પ્રયત્નશીલ રહીએ છીએ, અને તે માટે અમે ગેસ ના એનર્જી વપરાશ આધારિત બિલ આપવાની શરૂઆત કરીએ છીએ. ૨૫ ઓક્ટોબર, ૨૦૧૩ના રોજ થી અમલમાં આવે તે રીતે, આપના ગેસના વપરાશ નું બિલ MMBTU (મીલીયન મેટ્રિક બ્રિટીશ થર્મલ યુનિટ )માં તૈયાર કરવામાં આવશે. એનર્જી આધારિત બિલ થી ગેસ ના બિલો માં વ્યાપારી ધોરણોની પારદર્શિતા આવશે. સમગ્ર વિશ્વમાં કુદરતી ગેસ નું ખરીદ-વેચાણ એનર્જી વૅલ્યુ આધારિત કરવામાં આવે છે. સાબરમતી ગેસ લિમિટેડના(SGL) પણ કુદરતી ગેસ MMBTU માં જ બિલ તૈયાર કરશે.

પેટ્રોલિયમ અને નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ( PNGRB ) એ તેના નિયમો અન્વયે, દરેક શહેરમાં ગેસના વિક્રેતા ઓ City Gas Distribution ( CGD), ના વિક્રેતા ગેસનો પૂરવઠો ની જાહેરાત અને PNG ના ગ્રાહકોના બિલો MMBTU માં તૈયાર થાય, તેવો નિયમ કર્યો છે. અમે આપને ખાતરી આપીએ છીએ કે, MMBTU માં બિલ બનાવવાથી બિલ ના મૂલ્યમાં કોઈ ફેરફાર નહીં થાય, અને તેની કોઈ આર્થિક અસર નહીં થાય.

**MMBTU માં ગેસ ની કિંમત નીચે મુજબ રહેશે**

| વિગતો | રૂ./ SCM | રૂ./ MMBTU |
|---|---|---|
| બિન-વ્યાપારી ગ્રાહક | ૪૮.૦૦ | ૧૪૪૮.૮૨ |
| વ્યાપારી ગ્રાહક | ૫૦.૦૦ | ૧૫૦૮.૯૮ |

ઉપર ની કિંમતમાં *VAT* નો સમાવેશ થતો નથી, જે ગેસ *NCV* ૮,૩૫૦ *Kcal /SCM* અને *MMBTU*= ૨, ૫૨,૦૦૦ *Kcal* હોય .

અમે આ પત્ર સાથે MMBTU નો ટૂંકો પરિચય અને તે વિશે વારંવાર પૂછવામાં આવતા પ્રશ્નો(FAQ's) આપની જાણકારી માટે બીડયા છે, જેથી આપ આ નવી ટેકનિક/પદ્ધતિથી વાકેફ થઈ શકો. તેમ છતાં અમારી માર્કેટીંગ ટીમ આપના પ્રશ્નો નું સમાધાન કરવા હંમેશા તત્પર રહેશે.

For **Sabarmati Gas Limited**

**Rahul Mutha**
**Manager – Marketing**

## MMBTU શું છે?

1. બ્રિટીશ થર્મલ યુનિટ/ BTU એ ઊર્જા માપવા નું પરંપરાગત એકમ છે. MMBTU એટલે ૧૦ લાખ BTU's.
2. BTU એ એનર્જી નો એવો, જથ્થો છે, જે એક પાઉંડ પાણી ને ૧ ડિગ્રી 'ફેરનહીટ' સુધી ગરમ કરવા માટે જરૂરી છે. (૫૮.૫ થી ૫૯.૫), અને તે માનક દંડ ના ૩૦ ઈંચ મરક્યુરીના દબાણ હેઠળ કે તેવી જ મહત્તમ ધનતાના બિંદુ સુધીની હોય.
3. એક BTU ૨૫૨ કેલરી બરાબર, (ગ્રામ), ૧૦૫૫ Joules (કામ અથવા ઉર્જાના એકમ) અથવા ૦.૨૯૩ વોટ આવર્સ (વોટ કલાક).
4. BTU નો વિશ્વભરમાં બહોળા પ્રમાણમાં ઉર્જા ના ઉત્પાદનનો, કુદરતી ગેસ ને માપવા માટે ઉપયોગ થાય છે/ સ્વીકારવામાં આવેલ છે.

## વારંવાર પૂછવામાં આવતા પ્રશ્નો.

### ( FAQ's )

પ્રશ્ન ૧: MMBTU શા માટે?

જવાબ ૧ : પેટ્રોલીયમ અને નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ, એ તેમના રેગ્યુલેશનમાં જણાવ્યું છે કે "વિક્રેતાઓ, જેઓ, કુદરતી ગેસ વિતરણનું નેટવર્કનું, શહેર અથવા સ્થાનિક વિસ્તારમાં વિસ્તરણ કરવા માટે નવેસર થી એજન્સી સ્થાપવા, બાંધવાના રેગ્યુલેશન, ૨૦૦૮" માં ફરજીયાત કર્યું છે, " વિક્રેતા (CGD કંપની) PNG વેચાણની કિંમતની જાહેરાત અને બિલો પણ રૂ./ MM BTU માં જ તૈયાર કરશે ".

પ્રશ્ન ૨ : બીજી કઈ CGD કંપનીઓ છે, જે MMBTU માં બિલ આપે છે ?

જવાબ ૨: ગુજરાત રાજ્યમાં ગુજરાત ગેસ કું. લીમીટેડ અને અદાણી ગેસ લીમીટેડ, તેમના ગ્રાહકોને MMBTU માં બિલ આપે છે.

પ્રશ્ન 3 : MMBTU માં બિન વ્યાપારીક/ વ્યાપારીક ગ્રાહકો ને ક્યાર થી બિલ આપવાની શરૂઆત કરશે ?

જવાબ 3 : બિન વ્યાપારીક/ વ્યાપારીક ગ્રાહકો માટે તા. ૨૫ ઓક્ટોબર, ૨૦૧૩ થી MMBTU માં બિલ આપવાની શરૂઆત કરવામાં આવશે

પ્રશ્ન ૪: શું S. G. L ના બધા ગ્રાહકોને MMBTU પ્રમાણે બિલ આપવામાં આવશે?

જવાબ ૪: હા, S. G. L એ પોતાના PNG ના બધા ગ્રાહકોને MMBTU માં બિલ આપવાનું આયોજન કર્યું છે; જેની શરૂઆત ઔધોગિક ગ્રાહકોથી કરવામાં આવશે. CNG સિવાયના બધા ગ્રાહકોને MMBTU માં બિલ આપવામાં આવશે. S. G. L એ પોતાના ઔધોગિક ગ્રાહકોને ૧, નવેમ્બર, ૨૦૧૩ થી MMBTU માં બિલ આપવાની શરૂઆત કરી છે.

પ્રશ્ન ૫ : શું મીટરનું વાંચન MMBTU માં કરવામાં આવશે, શું અમારે મીટર બદલવાની જરૂર છે ?
જવાબ ૫: ના, મીટરમાં મીટરનું વાંચન સ્ટાંડર્ડ ક્યુબિક મીટર (SCM)માં જ ચાલુ રહેશે. અને હાલના મીટર બદલવાની જરૂર નથી

પ્રશ્ન ૬: MMBTU માં તબદીલ કઈ રીતે કરવામાં આવશે ?
જવાબ ૬: મીટર રીડીંગના આધારે અને બિલના સમય દરમ્યાન આપવામાં આવેલ નેટ કેલોરીફીક વેલ્યુ ( NVG) ગેસ ના આધારે બિલ તૈયાર કરવામાં આવશે.

સમજૂતી :

(અ) મહિના દરમ્યાન વપરાયેલ ગેસ (SCM)- 'q' SCM (મીટરના છેલ્લા અને હાલના વાંચનના આધારે પ્રેસર ટેમ્પ્રેચર કરેશન્સ લાગુ પાડ્યા બાદ)

(બ) મહિના દરમ્યાન સરેરાશ NCV(બિલીંગ સમયગાળો/ છેલ્લું અને હાલનું મીટર રીડીંગ તારીખે)- 'n' Kcal/ SCM .

(સી) જે તે દિવસે આપેલ કુલ કેલેરીઝ હશે, 'C'= $q \times n \left(\not{SCM} \times \frac{Kcal}{\not{SCM}}\right)$

(ડી) ૧ MMBTU= ૨૫૨૦૦૦ કિલો કેલેરીઝ (Kcal), આથી 'C' Kcal ને MMBTU માં તબદીલ કરવામાં માટે Quantity " Q " MMBTU = $\frac{C}{૨૫૨૦૦૦}$

(ઈ) જથ્થો Qનો જે પરીણામ મળશે તે MMBTU માં હશે.

પ્રશ્ન ૭ : MMBTU ના બીલ માં બીજા શું ફેરફાર હશે ?
જવાબ ૭ : MMBTU ના બિલમાં અન્ય કોઈ ફેરફાર નહીં થાય, સિવાય કે આખરી જથ્થાની ગણતરી MMBTU માં (ઉપર બતાવ્યા મુજબ ) કરવામાં આવશે અને ગેસ ની કિંમત રૂ./ MMBTU માં ગણાવામાં આવશે.

પ્રશ્ન ૮: MMBTU માં કિંમત કઈ રીતે નક્કી કરવામાં આવશે ?
જવાબ ૮: હાલની રૂ/ SCM ની કિંમત ને રૂ/ MMBTU માં ફેરવામાં આવશે જેમાં ૮૩૫૦ Kcal/SCM ને (Contracted ) NCV ના પાયા ના આધાર તરીકે ગણાવામાં આવશે.

પ્રશ્ન ૯ : ૯ શું MMBTU ના કારણે બિલની રકમમાં વધારો થશે ?
જવાબ ૯:ના, MMBTU પ્રથા ગેસની ખરીદી અને વેચાણમાં એકવાયતા/ સમાનતા જળવાય તે માટે શરૂ કરવામાં આવેલ છે, અને PNGRB રેગ્યુલેશન ના અમલ માટે શરૂ કરવામાં આવેલ છે. તેના થી કોઈ આર્થિક અસર નહીં પડે કે બિલની રકમમાં તેના કારણે કોઈ વધારો નહીં થાય.